# સમગ્ર ઉત્તર ભારતમાં વરસાદ-હિમવર્ષા : ૯૬ ટ્રેન રદ

## પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાનમાં વરસાદ : કાશ્મીર ખીણના ગુલમર્ગમાં ૧.૫ ફૂટ બરફ પડ્યો

નવી દિલ્હી,તા. ૨૨

સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી અને ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. જેના કારણે મોટા ભાગની ટ્રેનો લેટ થઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આજે સવારે દેશભરમાં કુલ ૯૬ ટ્રેનો રદ કરાઈ છે. ૭૧ લેટ પડી છે. દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાનમાં વરસાદ થયો છે. જેના પરિણામ સ્વરુપે ઠંડીમાં તીવ્ર વધારો થયો છે. ધુમ્મસની સ્થિતિ યથાવત રહી છે. બીજી બાજુ કાશ્મીર ખીણ અને હિમાચલના ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે જેથી મુશ્કેલરુપ સ્થિતિ સર્જાઈ ગઈ છે. ૪૩૪ કિલોમીટર લાંબા શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગને ખરાબ હવામાનના કારણે બંધ કરવાની ફરજ પડી છે જેના પરિણામ સ્વરુપે







વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ છે. કાશ્મીર ખીણમાં અનેક ભાગોમાં ભારે હિમવર્ષા થઈ છે. ગુલમર્ગમાં એક ફૂટ પાંચ ઈંચ બરફ પડ્યો છે. જેથી પ્રવાસીઓ ઉમટી પડ્યા છે. દક્ષિણ કાશ્મીરના રિસોર્ટ પહેલગામમાં પણ હિમવર્ષા થઈ છે. જ્યારે શ્રીનગરમાં વરસાદ થયો છે. ઘણા ભાગોમાં હિમવર્ષા અને વરસાદ થયો છે. લેહમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. અહીં માઈનસ ૧૨.૪ ડિગ્રી તાપમાન થયું છે. કારગિલમાં માઈનસ ૧૨.૮ ડિગ્રી તાપમાન રહ્યું છે. કાશ્મીર ખીણમાં લોકોની હાલત કફોડી બનેલી છે. મેદાની ભાગોમાં સ્થિતિ સુધરી નથી. દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાનમાં ભારે વરસાદ થયો છે. આજે સવારે પણ વરસાદ થયો હતો. અમૃતસર, ભિવાની, રાજસ્થાનના મોટાભાગના વિસ્તારો, નારનોલ, લુધિયાણા, હિસ્સાર, પટિયાલા, અંબાલામાં વરસાદ થયો છે. હજુ પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. વિમાની સેવાની પણ આવી સ્થિતી રહી છે. જેથી લોકો અટવાઈ પડ્યા છે. દિલ્હીમાં વરસાદ થયો છે. જ્યારે હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા તઈ છે. જેથી ઠંડીમાં વધારો થયો છે. ઉત્તર ભારતના મોટા ભાગના વિસ્તારોમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસના કારણે જનજીવન ખોરવાઈ ગયુ છે. લોકોને પોતાના ઘરમાં રહેવાની ફરજ પડી રહી છે.

બીજીબાજુ જમ્મુ કાશ્મીરમાં કાતિલ ઠંડીનુ મોજું જોવા મળી રહ્યું છે. ધુમ્મસના કારણે રેલ અને વિમાની સેવાને માઠી અસર થઈ છે. રેલવે પુછપરછ મારફતે મળેલી માહિતી મુજબ ધુમ્મસ અને કોલ્ડવેવના કારણે આજે ૭૧ ટ્રેનોની અવરજવરને અસર થઈ છે. જ્યારે દેશભરમાં ૯૬ ટ્રેનો રદ કરવામાં આવી છે. ટ્રેનોના સમયપત્રકમાં ફેરફાર કરવામા આવ્યા છે. મોટા ભાગની ટ્રેનો મોડેથી દોડી રહી છે. હવામાનની ખરાબ સ્થિતીના કારણે લોકો પણ ભારે પરેશાન થયેલા છે. ઉત્તર ભારતના મોટા ભાગના રાજ્યો તીવ્ર ઠંડીના સકંજામાં આવી ગયા છે.

ટ્રેન અને વિમાની સેવા ખોરવાઈ જતા હજારો લોકોને ઠંડી વચ્ચે રહેવાની ફરજ પડી છે. આ સ્થિતીમાં હાલ સુધાર થાય તેવી શક્યતા ખુબ ઓછી દેખાઈ રહી છે. વિમાનીમથકે વિજિબિલિટી ઉલ્લખનીય રીતે ઘટી ગઈ છે. લાંબા અંતરની ટ્રેનોને પણ અસર થઈ છે. જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન અને પંજાબ તેમજ ઉત્તર પ્રદેશમાં વદુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. વિવિધ વિસ્તારોમાં તાપમાન બેથી પાંચ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયું છ. જ્યારે જમ્મુ કાશ્મીરના મોટા ભાગના વિસ્તારોમાં માઈનસમાં તાપમાન છે.ઉત્તરપ્રદેશમાં આ સિઝનમાં જ ઠંડીના કારણે મોતનો આંકડો વધીને ૧૫૦થી ઉપર પહોંચી ચુક્યો છે.

# આઈપીએલ સ્પોટ ફીકસીંગમાં શ્રીનિવાસ અને કુંદ્રા દોષીત

નવીદિલ્હી,તા. ૨૨

બીસીસીઆઈના પ્રમુખ રહી ચુકેલા એન શ્રીનિવાસને આજે મરણતોળ ફટકો પડ્યો હતો. કારણ કે



સુપ્રીમ કોર્ટે બીસીસીઆઈની ચૂંટણી લડવાથી તેમના પર પ્રતિબંધ મુકી દીધો હતો. આઈપીએલ ફ્રેન્ચાઈઝીસ ચેન્નાઈ સુપર કિંગ્સના માલિક તરીકે તેઓ રહેલા છે. વિરોધાભાષી સ્થિતિમાં તેમની સંડોવણી રહેલી છે. સુપ્રીમ કોર્ટે તેમને ચૂંટણી લડવાથી રોકવાનો આદેશ કરીને કહ્યુંછે કે, શ્રીનિવાસનના જમાઈ અને આઈપીએલ સાથે જોડાયેલા ગુરુનાથ મયપ્પન અને રાજકુંદ્રાને સજા અંગેનો નિર્ણય નવી પેનલ દ્વારા કરવામાં આવશે. ઈન્ડિયન પ્રિમિયર લીગ અને ચેમ્પિયન્સ લીગ ટ્વેન્ટીમાં વાણિજ્ય હિત ધરાવનાર સર્વોચ્ચ સંસ્થાના હોદ્દેદારોને પરવાનગી આપનાર બીસીસીઆઈના નિયમોમાં સુધારા કરતા સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો છે. ચેમ્પિયન્સ લીગ, ઈન્ડિયન પ્રિમિયર લીગનું આયોજન બીસીસીઆઈ દ્વારા કરવામાં આવે છે. શ્રીનિવાસનને આઈપીએલ સ્પોટ ફિક્સિંગ અને સટ્ટા કૌભાંડ કેસોમાં તેમની સામે કવરઅપના આક્ષેપોમાં કોઈ રાહત મળી નથી. સુપ્રીમ કોર્ટે એન શ્રીનિવાસનને ક્લીનચીટ આપી દીધી છે. કારણ કે, તેમની સામે કવરઅપના આરોપો પુરવાર થયા નથી. સુપ્રીમ કોર્ટે મહત્વનું તારણ આપતા કહ્યું હતું કે, શ્રીનિવાસન અથવા તો અન્ય કોઈપણ વહીવટીકાર જે ક્રિકેટમાં વાણિજ્ય હિત ધરાવે છે તે જ્યાં સુધી હિત ધરાવે છે ત્યાં સુધી બીસીસીઆઈના હોદ્દા માટે ચૂંટણી લડી શકે નહીં. બીસીસીઆઈને આના લીધે નવી જોગવાઈ કરવી પડશે. બીજી બાજુ પૂર્વ જજ આરએન લોધા, અશોક ભાન અને આરવી રવિન્દ્રનની બનેલી ત્રણ સભ્યોની કમિટિની રચના કરવામાં આવી છે જે બીસીસીઆઈ દ્વારા સુધારા અને અન્ય પગલા અંગે ભલામણ કરશે. સુપ્રીમ કોર્ટે આદેશ આપતા કહ્યું છે કે, બીસીસીઆઈ છ મહિનામાં તેની ચૂંટણી યોજી શકે છે પરંતુ કોન્ફિલક્ટ ઓફ ઈન્ટરેસ્ટ ધરાવનારને ચૂંટણી લડવાની તક અપાશે નહીં. બીસીસીઆઈ એક મહત્વપૂર્ણ સંસ્થા તરીકે છે. આરઆરના રાજ કુંદ્રા અને ચેન્નાઈ સુપર કિંગ્સના ગુરુનાથ મયપ્પન મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. રાજ અને મયપ્પન અંગે સજાના પ્રમાણ અંગે આ ત્રણ જજની બેચ નિર્ણય કરશે. આઈપીએલના સીઓઓ સુંદર રામન સામેના આક્ષેપોમાં વધુ તપાસ કરવામાં આવશે.

### મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઓરિસ્સા, યુપીમાં ઘુસણખોરી

# દેશના ચાર રાજ્યોમાં હાઈ એલર્ટ : ત્રાસવાદીઓ ઘુસ્યા

નવીદિલ્હી,તા. ૨૨

મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઓરિસ્સા અનેઉત્તર પ્રદેશ સહિત ચાર રાજ્યોમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ઈન્ટેલીજન્સ બ્યુરોએ ચેતવણી આપ્યા બાદ હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. પાકિસ્તાનમાં સક્રિય રહેલા આતંકવાદીઓ જાન્યુઆરી મહિનામાં મોટો હુમલો કરી શકે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જમાત ઉદ દાવા, જેશે મોહમ્મદ, હિઝબુલ મુઝાહિદ્દીન જેવા સંગઠનોએ ચોક્કસ વિસ્તારમાં ભીષણ હુમલા કરવા માટે ભારતમાં ચાર ગ્રુપમાં ત્રાસવાદીઓને મોકલ્યા છે. આઈબીને મળેલી માહિતી મુજબ આતંકવાદીઓ પહેલાથી જ ઘુસણખોરી કરી ચુક્યા છે. ચાર સંબંધિત રાજ્યોમાં ત્રાસવાદીઓ ઘુસી ચુક્યા છે. મુંબઈના વિશ્વ પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિર ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં છે. તકેદારી વધારી દેવામાં આવી છે. ૨૬મીએ પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા ભારતની ઐતિહાસિક યાત્રાએ પહોંચી રહ્યા છે જેથી વિશેષ સુવિધા રાખવામાં આવી રહી છે. ઓબામા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભાગ લેનાર પ્રથમ અમેરિકી પ્રમુખ બનવા જઈ રહ્યા છે. તેઓ એવા એક માત્ર અમેરિકી પ્રમુખ છે જે સત્તામાં રહેતા બીજી વખત ભારત આવી રહ્યા છે. અધિકારીઓ અહીં સુધી કહી ચુક્યા છે કે, ૨૦૦ જેટલા ત્રાસવાદીઓ સરહદ પારથી ઘુસણખોરી કરવાની તૈયારીમાં છે. દિલ્હી પોલીસે અમેરિકી પ્રમુખ ઓબામાને ફુલપ્રુફ સિક્યુરિટી ઉપલબ્ધ કરાવવા ૧૫૦૦૦ સીસીટીવી કેમેરા તૈનાત કરનાર છે. દિલ્હી પોલીસ અને અર્ધલશ્કરી દળના ૪૫૦૦૦ જવાનો પાટનગરમાં તૈનાત કરવામાં આવનાર છે. સૂત્રોએ કહ્યું છે કે, સેન્ટ્રલ, ઉત્તર અને નવી દિલ્હી જિલ્લામાં એસપીજી સહિત ૨૦ હજાર સુરક્ષા જવાનો ગોઠવવામાં આવનાર છે. એર સ્પેસ ઉપર ખાસ રડાર દ્વારા નજર રહેશે.

# મોદી-બરાક ઓબામા મન કી બાત કાર્યક્રમમાં સાથે જ હશે

નવીદિલ્હી,તા. ૨૨

અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની ભારત યાત્રાને વધુ યાદગાર બનાવવા માટે તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આના ભાગરુપે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવે ૨૭મી જાન્યુઆરીના દિવસે અમેરિકી નેતા સાથે સંયુક્ત રેડિયો સંબોધન યોજવાનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાને પોતાના ટ્વિટર એકાઉન્ટ પર આજે આ અંગેની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતુ કે, તેઓ અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સાથે ખાસ મન કી બાત કાર્યક્રમને લઈને ખુબ જ ઉત્સુક છે. શ્રેણીબદ્ધ ટ્વિટમાં મોદીએ માહિતી આપતા કહ્યું છે કે, તેઓ ખુબ ઉત્સુક દેખાઈ રહ્યા છે. ૨૭મી જાન્યુઆરીના દિવસે મન કી બાત ઓલ ઈન્ડિયા રેડિયો પર જુદી રીતે પ્રસારિત કરાશે. આમા પ્રમુખ બરાક ઓબામા તેમની સાથે રહેશે. વડાપ્રધાને તેમના કિંમતી સૂચનો અને પ્રશ્નો મોકલવા માટે દેશના લોકોને અપીલ કરી છે. મોદીએ વધુમાં માહિતી આપતા કહ્યું છે કે, તેમના પ્રશ્નો અને સૂચનો મોકલવા માટે તેમની સરકારે ઓપન ફોરમની રચના કરી છે. તેમના અંતિમ ટ્વિટમાં મોદીએ મન કી બાત કાર્યક્રમના ખાસ એપિસોડનો હિસ્સો બનેલા દેશના લોકોને અપીલ કરી છે. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવા



માટે આ બાબત મહત્વ પૂર્ણ છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વોશિંગ્ટન ડિસીની તેમની યાત્રા દરમિયાન મોદી અને ઓબામાએ વોશિંગ્ટન પોસ્ટમાં સંયુક્તરીતે લેખ લખ્યા હતા. પ્રથમ વખત કોઈ ભારતીય નેતાએ સંયુક્ત એડિટોરિયલમાં ભાગ લીધો હતો. ઓબામા ૨૫મી જાન્યુઆરીના દિવસે પહોંચી રહ્યા છે. આજ દિવસે દ્વિપક્ષીય બેઠકો, પ્રતિનિધિમંડળ સ્તરની મંત્રણા, ત્યારબાદ રાષ્ટ્રપતિ ભવનમાં ડિનર સહિતના કાર્યક્રમો યોજાશે. ૨૬મી જાન્યુઆરીના દિવસે ઓબામા રાજપથ ખાતે બે કલાક સુધી કાર્યક્રમમાં ભાગ લેશે. પ્રજાસત્તાક દિવસે પરેડમાં ઓબામા મુખ્ય મહેમાન બની રહ્યા છે. ૨૭મી જાન્યુઆરીના દિવસે તેઓ સિરિફોર્ટ ઓડિટોરિયમમાં ભારત અને અમેરિકા અંગે એક ભાષણ આપનાર છે.

ઉપરાંત તાજમહેલની મુલાકાત લેશે. ત્યારબાદ સ્વદેશ જવાના રવાના થશે. બંને દેશો વચ્ચેના સંબંધો નવી ઉંચાઈ ઉપર લઈ જવા અને યાત્રાને યાદાગાર બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે.

# સેંસેક્સ ૨૯૦૦૦ની રેકોર્ડ ઉંચી સપાટી ઉપર બંધ રહ્યો

મુંબઈ,તા. ૨૨

શેરબજારમાં આજે પણ તેજી યથાવતરીતે જારી રહી હતી. સતત ત્રીજા સેશનમાં સેંસેક્સ રેકોર્ડ ઉંચી સપાટીએ બંધ રહ્યો હતો. યુરોપિયન સેન્ટ્રલ બેંકની મહત્વપૂર્ણ બેઠક આજે યોજાઈ રહી છે જેમાં સ્ટીમ્યુલસ પગલા જાહેર કરાય તેવી શક્યતા છે. આજે સેંસેક્સ ૧૧૭ પોઈન્ટ ઉછળીને ૨૯૦૦૦થી ઉપર બંધ રહ્યો હતો. ૨૯૦૦૬ની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૩૨ પોઈન્ટ ઉછળીને ૮૭૬૧ની સપાટીએ રહ્યો હતો. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ ઈક્વિટીમાં ૨૦૬૫ કરોડની કિંમતના ઈક્વિટીની ખરીદી કરી છે. હેલ્થકેર ઈન્ડેક્સમાં આજે સૌથી વધુ ૧.૭ ટકાનો ઉછાળો રહ્યો હતો જ્યારે ઓટો, કેપિટલ ગુડ્ઝ, મેટલ, રિયાલીટીમાં પણ સુધારો જોવા મળ્યો હતો. કન્ઝ્યુમર ડ્યુરેબલમાં સૌથી વધુ ૧.૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. ફાર્માના શેરમાં સૌથી વધુ ઉછાળો નોંધાયો હતો. સન ફાર્મામાં ૩.૬ ટકાનો ઉછાળો નોંધાયો હતો. સિપ્લા, ડો. રેડ્ડી લેબમાં ૧-૧.૭ ટકા જેટલો ઉછાળો નોંધાયો હતો. તાતા મોટર્સમાં ૨.૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. બ્રોડરમાર્કેટમાં આજે મિશ્ર સ્થિતિ રહી હતી. મિડકેપ અને સ્મોલકેપમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. માર્કેટ બ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૫૭૫ શેરમાં તેજી અને ૧૩૪૭ શેરમાં મંદી રહી હતી. શેરબજારમાં આ સ્થિતિ યથાવત રહે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઈકાલે સતત પાંચમાં દિવસે જોરદાર તેજી રહી હતી જેથી તેજી અવિરત પણે જારી રહી છે. ગઈકાલે નિફ્ટી ૮૭૦૦થી ઉંચી સપાટીએ બંધ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય મોનિટરી ફંડ દ્વારા આગાહી કરવામાં આવ્યા બાદ ભારતીય શેરબજારમાં જોરદાર ઉત્સાહ છે. આઈએમએફનું કહેવુંછે કે, ભારત ૨૦૧૭માં ચીન કરતા પણ વધુ ઝડપથી આગળ વધશે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'બેટી બચાવો બેટી ભણાવો' અભિયાનનો પ્રારંભ કર્યો છે. આ યોજનાની શરૂઆત કરતાં તેમણે કહ્યું હતું કે 'મારો પ્રશ્ન માતા-પિતાને છે કે દિકરીનો જન્મ નહી થવા દો તો વહુ કયાંથી લાવશો?' પાણીપત ખાતે આ યોજના અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં તેમણે માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાની અને માધુરી દિક્ષિતની ઉપસ્થિતિમાં એક બાળકીને સુકન્યા સમૃદ્ધિ ખાતાની પાસબુક આપી હતી.

## સમાચાર ઝલક

- ભગવાન રામના વંશજ લવ ને કુશ એક બને - મુખ્યમંત્રી શ્રીમતી પટેલ.
- ખોડલ ધામમાં કરોડોના દાનનો ધોધ વરસ્યો, કરોડોના દાન માટે લાઈનો લાગી.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૧૦મી ફેબ્રુઆરીએ અમદાવાદ-વડનગર ખાતે લગ્નપ્રસંગે હાજરી આપશે.
- કચ્છના નશાબંધી અધિકારી એક હજારની લાંચમાં ઝડપાયા.
- ચોટીલામાં ૧૫ નાગના મૃતદેહ મળ્યા, વન વિભાગની તપાસ શરૂ.
- હાંસોટના તોફાનમાં સંઘના બે સ્વયંસેવકોના મોત. સંઘ નારાજ.
- ગુજરાતાં ખાનગી બસોએ ભાડા ઘટાડયા.
- તલાલા પંથકમાં માવઠાથી કેસર કેરીને ભારે નુકશાન.
- ગુજરાતમાં સાડા ચાર લાખ અસંગઠિત કામદારો નોંધાયા.
- મુંબઈની જેમ અમદાવાદમાં પણ અર્બન ટેકસી સર્વિસ શરૂ થશે.
- ભારતીય હાફુસ કેરીની આયાત ઉપરનો પ્રતિબંધ યુરોપીયન સંઘે હટાવ્યો.
- અમેરિકામાં આર્થિક સંકટ દુર થયું છે.
- સાર્ક સેટેલાઈટ લોંચ કરવા ઈસરો તૈયાર.
- ૧૩ વર્ષના કિશોરે રમકડાની મદદથી બનાવ્યું બ્રેઈલ પ્રિન્ટર.
- દવાની ગુણવત્તા ખરાબ હશે તો ઉત્પાદકને વેપારીને ૩ વર્ષની જેલ થશે.
- ઓબામા સાથે ભારત નહી આવી શકે તેમની લાડકી દીકરીઓ!
- ઓલ્ડ સિટી, ન્યુ લુક લોકલ એરિયા પ્લાનથી શહેરોની કાયાપલટ.

# મોદીની પ્રશંસા બાદ દ્વિવેદી વિરુદ્ધ પગલાની સંભાવના

નવીદિલ્હી,તા. ૨૨

કોંગ્રેસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રશંસકોની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. હવે આમા નવો વળાંક આવ્યો છે. પાર્ટીના વરિષ્ઠ નેતા જનાર્દન દ્વિવેદીએ નરેન્દ્ર મોદીની પ્રશંસા કરીને કોંગ્રેસમાં ખળભળાટ મચાવી દીધો છે. મોદીની પ્રશંસાથી કોંગ્રેસ લાલઘૂમ દેખાઈ રહી છે. આજે કોંગ્રેસના મહાસચિવ અને મિડિયા પ્રમુખ



અજય માકને પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે, જે પ્રકારની વાત કરવામાં આવી છે તેનાથી પક્ષનો મત નથી. નરેન્દ્ર મોદી ભારતીયતાના પ્રતિક છે. તેવી વાત યોગ્ય નથી. કોંગ્રેસ નરેન્દ્ર મોદીની ભારતીયતાના પ્રતિક તરીકે ગણતી નથી. અમારા માટે ભારતીયતાની જે પરિભાષા છે તેમાં નરેન્દ્ર મોદી યોગ્ય બેસતા નથી. મોદી ભારતીયતાની ઓળખ ક્યારે પણ હોઈ શકે નહીં. એક મુલાકાતમાં અગાઉ દ્વિવેદીએ કહ્યું હતું કે, મોદી સામાજિક સ્તર પર લોકોને સમજાવવામાં સફળ રહ્યા છે. તેઓ દેશના લોકોની બિલકુલ નજીક છે. મોદીની જીત ભારતીયતાની જીત છે. જો કે, મોડેથી તેમણે આ અંગે ખુલાસો પણ કર્યો હતો. મોદીએ નવા યુગની શરૂઆત કરી છે. તેમણે કહ્યું હતું કે, આ મોદીનો સમય છે તેવી તેમણે વાત કરી હતી. કોંગ્રેસ માટે આ સમય પડકારનો છે. મોદી અથવા ભાજપની જીત છે તેવી કોઈ વાત કરી ન હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ કોંગ્રેસના શશી થરુર પણ મોદીની પ્રશંસા કરી ચુક્યા છે.

મિડિયા પેનલમાંથી શશી થરુરની મોડેથી હકાલપટ્ટી કરાઈ હતી. જનાર્દન દ્વિવેદીના નિવેદનથી કોંગ્રેસ ભારે લાલઘૂમ છે. તેમની સામે પગલા લેવામાં આવે તેવા સંકેત પણ મળી રહ્યા છે.

# સંયુક્ત લશ્કરી કાર્યક્રમને વધુ ઝડપથી આગળ લઈ જવાશે

નવીદિલ્હી, તા. ૨૨

ભારત અને રશિયાએ સંયુક્તરીતે લશ્કરી કાર્યક્રમોને આગળ વધારવાનો નિર્ણય કર્યો છે. બંને દેશોએ તેમની લશ્કરી તાકાતને વધારવાની દિશામાં આગેકૂચ કરી છે. તમામ મહત્વના મુદ્દા ઉપર આજે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બંને દેશો પાંચમી પેઢીના યુદ્ધવિમાન (એફજીએફએ વિમાન) સંયુક્તરીતે વિકસિત કરવા પણ તૈયાર થયા છે. છેલ્લા ત્રણ વર્ષથી આ પ્રોજેક્ટ અટવાયેલો હતો પરંતુ હવે પાંચમી પેઢીના ફાઈટર વિમાનો માટે પણ પ્રોજેક્ટ આગળ વધશે જેના ભાગરુપે પાંચમી પેઢીના યુદ્ધવિમાનના સંયુક્ત વિકાસ અને પ્રોડકશન ઉપર ધ્યાન કેન્દ્રિત કરાશે. આજે સંરક્ષણ પ્રધાન મનોહર પારીકરે રશિયાના પ્રધાન સરજઈ સાથે વિસ્તારપૂર્વક વાતચીત કરી હતી જેમાં એફજીએફએ સહિતના મુદ્દા ઉપર ચર્ચા થઈ હતી. ઉચ્ચ સ્તરીય બેઠક પણ રશિયન સમકક્ષ સાથે યોજાઈ હતી. બંને પ્રધાનોએ નિયમિતરીતે વાતચીતને જાળવી રાખવાની તૈયારી બતાવી હતી. પ્રોજેક્ટ સમય મર્યાદાને જાળવી શકાય તે માટે નિર્ણય લેવામાં આવનાર છે. રશિયા સાથે પ્રોજેક્ટોને અમલી બનાવવાની ગતિ ધીમી હોવાને લઈને વાતચીત થઈ હતી. કેટલીક દહેશત પણ રશિયાએ વ્યક્ત કરી હતી. પારીકરે રશિયન પ્રધાનને કહ્યું હતું કે, રશિયન શસ્ત્રાગારની કંપનીઓ મોદી સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા મેક ઈન ઈન્ડિયામાં ભાગ લઈ શકે છે. હાઈ ટેકનોલોજી ડિફેન્સ પ્લેટફોર્મમાં સહકારના ક્ષેત્રો ઉપર ચર્ચા કરવામાં આવી હતી. ભારત અને રશિયા વચ્ચે સંરક્ષણ બેઠક એવા સમયે થઈ છે જ્યારે અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા ભારત પહોંચી રહ્યા છે. ૨૬મી જાન્યુઆરીના દિવસે તેઓ મુખ્ય મહેમાન બનનાર છે. ભારત અને રશિયા ૫.૫ અબજ ડોલરના પ્રોજેક્ટ સાથે આગળ વધી રહ્યા છે. બંને દેશો સહકારને વધુ નવી ઉંચાઈ ઉપર લઈ જવા માટે ઈચ્છુક છે.